૮૦૧/૧,૦૨૫

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૨૦ જુલાઈ, ૨૦૦૩** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર. ૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** **૧૮**

૧. ગુણનો સંગ રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહિ.
૨. કારિયાણી-૧૨ પ્રમાણે નિર્વિષયી બનવાનો ઉપાય.
૩. ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે, એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ.
૪. આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.
૫. શ્રીહરિના મતે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** **૧૫**

૧. અને એ અક્ષરાતીત જે .................. વિષે લીન થાય છે.
૨. અને અમારી પ્રકૃતિ એમ ......................... કુરાજીપો થતો નથી.
૩. અને જેનો સંગ કર્યા ..................... ત્યાગ કરવો.
૪. માટે જે સ્વરૂપ નિષ્ઠા રાખે ....................... પણ દૃઢપણે રહેશે.
૫. માટે ભગવાનની આજ્ઞાએ .................... નિવાસ કરે છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાક્મના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** **૪**

૧. નિષ્કામ ધર્મ      ૨. સ્વભાવ જીતવાનો ઉપાય

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર. ૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** **૬**

૧. શેને કરીને જીવ સોરાઈ ગયો છે એમ પ્રત્યક્ષ દેખાય છે ?
૨. જેમ જેમ જ્ઞાન થતું જાય તેમ તેમ શું જણાતું જાય છે ?
૩. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી કઈ વાત સમજાય નહિ ?



૪. સાધુ નિયમે કરીને શું કરાવે છે ?
૫. કોણ ગુડીયું વાળે નહિ ?
૬. ક્યારે સર્વ ખોટું થઈ જાય છે ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** **૭**

૧. તમારા ..................... સામું જોઈએ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો. (શરીર, ચરણારવિંદ, મુખારવિંદ)
૨. ભગવાનની આજ્ઞા પળાવીને રૂડા સાધુનો સંગ રાખવો તેની ઉપર ..................... રાજી રાજીને રાજી જ છે. (રામ, મહારાજ, કૃષ્ણ)
૩. મહારાજને જોઈને ..................... થઈ જાય ને જીવ સુખિયો થઈ જાય છે. (સુખ, શાંતિ, સમાધિ)
૪. માટે ભગવાનના ભક્તને ઓળખીને ..................... કરવો. (સંગ, સમાગમ, નિશ્ચય)
૫. તેમ ..................... કરીને જીવ ધગી જાય છે. (કુસંગે, પંચવિષયે, અજ્ઞાને)
૬. ઘાટ, સંકલ્પ બંધ કરીને જે ધ્યાન કરવું એટલે .................. જીતાણું જાણવું. (કારણ, સ્થૂળ, સૂક્ષ્મ)
૭. જીવ મહારાજને ................... સમજવામાં અટકે છે. (પુરુષોત્તમ, પ્રગટ, સર્વકર્તા)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** **૧૦**

૧. મુમુક્ષુના લક્ષણ
૨. જ્ઞાનની દૃષ્ટિ
૩. અમે તો સુરંગું દઈએ તો બસે બસે ગાડા પાણા નીસરે.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર. ૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** **૨૦**

૧. વનવિચરણમાં નીલકંઠે કરાવેલ સાચા સાધુની ઓળખ
૨. નીલકંઠના યોગમાં આવેલ બાઈ હરિભક્તો
૩. 'અમે તો માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા આવ્યા છીએ.' - નીલકંઠ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** **૨૦**

૧. નીલકંઠનો ગુજરાત પ્રવાસ
૨. મેઘજીતનો પરાજય
૩. રામપ્રતાપભાઈ અને સુવાસિની ભાભીની વિરહ વ્યથા
૪. ચાલ્યા ઉત્તર દિશામાં એકલા રે......

✿ ✿ ✿